# અરુણોદય

સપ્ટેમ્બર– ૨૦૧૯
અંક – ૨૫

સંપાદકીય બોર્ડ

- એચ.કે. જોષી
- એસ.જે.મહેતા
- એમ.એમ.ઠક્કર

## અનુક્રમણિકા


– જ્ઞાન અને દાનનો સુભગ સંગમ...

– ART AND CRAFT

– "શ્રદ્ધાથી કરાય તે શ્રાદ્ધ"

– "હમારા હર દિન શિક્ષકદિન બને"

– શાળા ની પ્રવૃત્તિઓ



# જ્ઞાન અને દાનનો સુભગ સંગમ...



ઉર્વીબેન ભટ્ટ
હાયર સેકન્ડરી શિક્ષક

જ્ઞાન અને દાનનો અનેરો સમન્વય એટલે પાંચમી સપ્ટેમ્બર . આ દિવસે શિક્ષક દિન( Teacher's day) અને વિશ્વ ધર્માદા દિન (World charity day ) ઉજવવામાં આવે છે. 2012 માં સંયુક્ત રાષ્ટ્રે સામાન્ય સભા બોલાવીને આ આંતરરાષ્ટ્રીય સખાવત દિનની ઘોષણા કરેલ.

" મધુબન ખુશ્બુ દેતા હૈ સાગર સાવન દેતા હૈ

જીના ઉસકા જીના હૈ જો ઔરોં કો જીવન દેતા હૈ "

परोपकाराय फलन्ति वृक्षा : આ આતરરાષ્ટ્રીય ધર્માદા દિન નો હેતુ સખાવતીઓ , ગર્ભશ્રીમંતો , સેવાભાવીઓ અને પરોપકારી સંસ્થાઓ માટે ચેરીટી બાબતે ઇજન આપવાનો ઉદાત્ત મંચ છે . સ્વામી વિવેકાનંદજીએ પણ એ જ કહ્યું છે કે અન્ય કાજે જે જીવે છે એ જ સાચું જીવે છે.

Rivers do not consume their own waters. Neither do the tree consume their own fruits. Even the water carrier clouds never eat up the grains they grow. The wealth of the noble ones is always for charity.

મિત્રો, આપ સૌ જાણો જ છો કે એવા કેટલાય પશુ – પક્ષીઓ છે જેમનાં મૃત્યુ બાદ એમનાં ચામડાં વગેરેનો અન્ય વસ્તુઓની બનાવટમાં ઉપયોગ થાય છે. જો આવા પ્રાણીઓ મૃત્યુપર્યન્ત બીજાને ઉપયોગી થતાં હોય ત્યારે લાગે છે કે માનવી પણ કદાચ 'યોગી' ન બને તો ચાલે પણ કોઇકને ઉપયોગી બને. વિશ્વનું વિરાટ મહાકાવ્ય મહાભારત – એના વનપર્વનાં અધ્યાય 312 313 , 314 માં પાંડવોને વનવાસ દરમિયાન પાણીની તરસ લાગતાં એક જ સરોવર પાસે આવે છે. જ્યાં એક યક્ષ યુધિષ્ઠિરને ઘણાં જ માર્મિક પ્રશ્નો પૂછે છે જે પૈકી યક્ષનો પ્રશ્ન હતો – પ્રવાસ વખતે માણસનો મિત્ર કોણ ? ઘરમાં રહેલાનો મિત્ર કોણ ? બીમાર (માણસનો ) મિત્ર કોણ ? અને મરતા (માણસનો ) મિત્ર કોણ ? જેના ઉત્તરમાં યુધિષ્ઠિરે જણાવ્યું કે પ્રવાસ દરમિયાનનો મિત્ર સંઘ (સાથે પ્રવાસ કરનારા) છે. ગૃહસ્થ (ઘરમાં રહેનાર) નો મિત્ર પત્ની છે. બીમારનો મિત્ર વૈધ (ડોકટર) છે. મરણ સમયનો મિત્ર દાન છે. વળી બ્રાહમણ વેશે કર્ણ પાસે કવચ અને કુંડળ માંગવા આવેલા ઈન્દ્રને તેની માંગણી મુજબ કવચ અને કુંડળ આપવા જતાં શલ્ય જ્યારે રોકે છે ત્યારે દાનવીર કર્ણએ પણ જગતને બહુ મોટો સંદેશો આપ્યો છે કે - हु तं च द तं च तथैव तिष्ठति (અર્થાત્ યજ્ઞમાં હોમેલું અને દાનમાં આપેલું હંમેશા તેમ જ ટકી રહે છે)

વળી, પાંચમી સપ્ટેમ્બર એટલે શિક્ષકદિન. શિક્ષકદિન હોવો જોઈએ પણ શિક્ષક ક્યારેય દીન ન હોવો જોઈએ.... અર્થાત્ નબળો ન હોવો જોઇએ ... ચાણકય કહે છે એમ પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમેં પલતે હૈ . ધન્ય છે આ ભારતભૂમિ જેને ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ જેવા ઊર્જાવાન અને નિષ્ઠાવાન શિક્ષકો મળ્યાં છે. વંદનીય સંતશ્રી મોરારિ બાપુનાં શબ્દોમાં કહું તો શિક્ષક અર્કવાળો, તર્કવાળો , મધુપર્કવાળો અને સતત સંપર્ક વાળો હોવો જોઇએ.

અને છેલ્લે એક શિક્ષક તરીકે કરવા જેવી પ્રાર્થના-

" હે ઈશ્વર ! હું ભલે પી.ટી.સી. હોઉં કે પી.એચ.ડી. .. મેં ભલે ગાંધીજીને વાંચ્યા હોય કે અબ્રાહમ લિંકનને વાંચ્યા હોય જ્યાં સુધી હું મારા વિધાર્થીનું મન ન વાંચી શકું ત્યાં સુધી હે પ્રભુ ! તું મને શિક્ષક બનતાં અટકાવજે. દેશી ભાષામાં શિક્ષક માટે એક સુંદર અને ભાવભીનો શબ્દ પ્રયોજાય છે– 'માસ્તર' .. સૌ શિક્ષકમિત્રોને માના સ્તર સુધી જઈ શકવાનું અને મમતા સભર અભિગમ સાથે..... પોતાનું શ્રેષ્ઠ સમર્પણ આપવાનું સામર્થ્ય પરમાત્મા આપે એવી ખૂબ ખૂબ શુભકામના અને શુભ ભાવના સાથે Happy Teacher's Day . !



# ART AND CRAFT



Bina D. Bhatt
Sec. School Teacher






*Art and craft is a creative activity that expresses imaginative or technical skill.The artist produces a work of art called artifacts. It is the work through which he/she expresses his/her thoughts, imaginations and emotions. Art includes drawing, painting, sculpting, photography, dance,music,poetry,prose,th eatre etc.. On the occasion of Independence Day this year Rakshabandhan added a different flavour to strengthen the emotions of the people of India and her artist to create something meaningful and beautiful. Our school (S.K.V.Vidhyalaya) has always respected the art and has given platform to all such artists. I would like to share the best creative work I have received. Salute to all the artists of India.I wish upcoming artist of my school to be identified at international level . All the best.*









# "શ્રદ્ધાથી કરાય તે શ્રાદ્ધ"



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

ભાદ્રપદ માસનો કૃષ્ણપક્ષ .. શ્રાધ્ધ પક્ષ તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસો એટલે આપણા પૂર્વજો અને સંતો – ઋષિઓને શ્રધ્ધાથી અંજલિ આપવાના દિવસો. તેઓને આપણે શા માટે યાદ કરવાના ? તો તેનું કારણ એ કે તેઓ એ પોતાનું સમગ્ર જીવન આપણાં કલ્યાણ માટે , આપણે સુખી થઈએ તે માટે વ્યતિત કર્યુ તેથી તેમને સુખ - શાંતિ મળે તે માટે તેમનું પિંડદાન અને તર્પણ કરવાના દિવસો એટલે શ્રાધ્ધના દિવસો.

આપણાં પર આપણાં પુર્વજો, ઋષિમુનિઓનું અપાર ઋણ હોય છે. તો તે માટે આપણે શું કરવું? પૂર્વજો , દેવોનું સતત ધ્યાન , પુજન , અર્ચન કરવાથી આપણે તેમના ઋણમાંથી મુક્ત થતા જઈએ છીએ. સત્યમ , શિવમ,સુંદરમ જેવા દેવોના ગુણોને આપણે પણ આપણાં જીવનમાં સાકાંરિત કરવાનાં સંકલ્પો કરવા જોઈએ. ભાવિ પેઢી આનંદમય જીવન જીવે તે માટે તેઓએ પોતાના લોહીનું પાણી કર્યુ અને આપણને દિવ્ય વિચારસરણી આપી. તેમના દૈવી, સાત્વિક વિચારોનો ફેલાવો એજ ખરું તર્પણ છે.

બાપના ધ્યેયને આગળ વધારે તેજ ખરો સંતાન છે. તે જ પિતાનું સાચું તર્પણ કરી શકે.

પિતૃઓ અને ઋષિઓને યાદ કરવાનાં શ્રાધ્ધના આ દિવસોને ઘણાં લોકો અમાંગલિક માની કોઈપણ શુભ કાર્ય કરવાનું ટાળે છે. શ્રાધ્ધના દિવસોને અપવિત્ર ગણવાની સમાજની આ ભ્રમણા ખોટી છે. ઊલટુંશ્રાધ્ધ પક્ષમાં તો મારે પણ પિતૃઓની માફક જવાનું છે અને સત્કૃત્યોનું ભાથું બાંધવા તત્પર થવાનું છેતે સમજ પાકી કરવાની છે.

શ્રધ્ધાથી થાયતે શ્રાધ્ધ . પરંતુ કરુણતા એ છે કે આપણે શ્રધ્ધાનું જ શ્રાધ્ધ કરી બેઠા. પરિણામે માનવજીવનના સંબંધો ભાવશૂન્ય, લીસા અને યંત્રવત બન્યા છે.

ભારતની બેંકોમાં ભરેલા નાણાં અમેરિકામાં ત્યાંના ચલણમાં જો પ્રાપ્ત થતા હોય , કચ્છના સ્નેહી જનોનો અવાજ મોબાઈલ પર તેવોને તેવો કાશ્મીરમાં સાંભળી શકાતો હોય તો પછી ભક્તિ ભાવથી શુધ્ધ અંત : કરણથી કરેલું શ્રાધ્ધ મંત્ર શક્તિના જોરે પિતૃઓને સો ટકા તૃપ્તિ આપતું હોય જ એ વાત આધુનિક માનવીના મગજ માં કેમ ઘૂસતી નહીં હોય એ એક પ્રશ્ન છે.

અંતે સો ટચના સોના જેવી એક વાત જરૂર કહીશકે પિતૃઓ અને ઋષિઓએ આપણાં પર કરેલા ઉપકારોને જાણવાં , વાગોળવા અને તેમના પથ પર ચાલવું એમાં જ જીવનનું ખરું શ્રેય છે.



# “હમારા હર દિન શિક્ષકદિન બને”



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

નજીકમાં જ આવી રહેલો ૫ મી સપ્ટેમ્બર નો દિવસ એટલે શિક્ષક દિન. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ નો જન્મદિન આખા ભારતમાં શિક્ષકદિન તરીકે ઊજવાય છે.

તેઓ સ્પષ્ટ માનતા કે સમાજ ઘડતરનો પાયો શિક્ષક છે. શિક્ષણ એ ત્રિધ્રુવીય પ્રક્રિયાછે. જેમાં વિધાર્થી , શિક્ષક અને સમાજ ત્રણેય એક તાંતણે બંધાયેલા છે.

વિધાર્થી, શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી તે સમાજમાં જોડાય અને સમાજની પ્રગતિ થાય તેવા કાર્યો કરેતે જરૂરી છે. શિક્ષકને સમાજનો શિલ્પકાર કહેવામાં આવે છે. સફળ જીવન માટે શિક્ષણ પાયાની જરૂરિયાત બની ગયું છે.

શિક્ષણ યાચક નહિ પણ દાતા છે. વિધા અને જ્ઞાનનો મહાદાતા છે , તેના જેવું બીજું કોઈ દાન નથી ખાલી ચણો વાગે ઘણો એ કહેવત કમસે કમ શિક્ષક માટે તો ખોટી પડવી જ જોઈએ.

જો કે આજના મોબાઈલ , ઈન્ટરનેટ ની દુનિયા સાથે જોડાયેલા વિધાર્થીને વર્ગખંડમાં પુસ્તકો સાથે જકડી રાખવા અને પુસ્તક પ્રેમી બનાવવાનું કામ શિક્ષક માટે ચેલેન્જીંગ બનતું જાય છે.

આજે સમાજનો એક વર્ગ શિક્ષકોને કથળતા શિક્ષણ માટે જવાબદાર ગણી બેફામ ગાળો ભાંડે છે તો એક વર્ગ શિક્ષક – શિક્ષણના ખોટા બચાવમાં વ્યસ્ત છે. પરદેશમાં શિક્ષણના ગૌરવ– આદર માટેનાં દૃષ્ટાંતો પણ વખતોવખત વાયરલ થાય છે. જયારે આપણાં દેશમાં શિક્ષક– શિક્ષણની દુર્દશા માટે વ્યંગબાણો છોડવામાં આવે છે. આ સ્થિતિમાં તો પ્રથમ આપણે આત્મનિરીક્ષણ કરવું પડશે.

તો વળી જો આજના શિક્ષણને સુધારવું જ હોયતો પછી પ્રત્યેક શિક્ષણ સિવાયના કામોમાંથી શિક્ષકને બાકાત રાખવાનો કાયદો કેમ નથી ઘડાતો ? તો સામા પક્ષે શિક્ષક ગણે પણ પોતાના શૈક્ષણિક કાર્યને યજ્ઞ સમજી કર્મમાં પ્રવૃત રહેવાનું છે.

વિધાર્થી શિક્ષણ મેળવવા માટે જ્ઞાનપિપાસુ બને, શિક્ષક યંત્રવત ન બની જતાં શિક્ષણને જીવંત બનાવી રાખે અને સમાજ પણ પોતાનું યોગદાન આપે તો શૈક્ષણિક પ્રક્રિયા માત્ર વર્ગખંડો પૂરતી સીમિત ન રહેતાં ખરા અર્થમાં જીવંત પ્રક્રિયા બનશે.

આજીવન જ્ઞાનના ઉપાસક એવા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ ને યાદ કરી તેમની સારી વાતો અપનાવવા આપણે તત્પર બનીએ તેવી શુભ ભાવના સાથે તેમના જન્મદિનને શિક્ષકદિન તરીકે ખરા અર્થમાં ઊજવીએ અને હર એક દિન ને શિક્ષક દિન બનાવીએ.

# શાળા ની પ્રવૃત્તિઓ







વિશ્વ કૃમિ  નાશક દિવસની ઉજવણી















ધોરણ -૧૦ તથા
ધોરણ -૧૨
એકમ કસોટી














# ૧૫ મી ઓગષ્ટ









# રક્ષાબંધન નિમિત્તે વિવિધ સ્પર્ધા





ગીત સ્પર્ધા



નિબંધ સ્પર્ધા






ચિત્ર સ્પર્ધા





રાખડી સ્પર્ધા

# વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર - ઉદયપુર દ્વારા
# યાત્રા પશ્ચિમાલાપ સાંસ્કૃતિક કાર્યક્રમ : ૨૦૧૯


















શાળાના પ્રાથમિક શિક્ષક
શ્રી એમ.ડી.સોની એ
શાળા સંકુલમાં સ્વખર્ચ
બનાવેલ મીકીની પ્રતિમા



**એમ. ડી. સોની**
પ્રાથમિક શિક્ષક

**શનિવાર ની પ્રવૃત્તિ**













